તંત્રીશ્રીની કલમે

અમેરિકાના એરક્રાફ્ટ કેરિયર પર ચીનની 'કેરિયર કિલર' મિસાઈલનો હુમલો!

ચીને અમેરિકાના વિશાળ એરક્રાફ્ટ કેરિયર જેવા દેખાતા નકલી યુદ્ધજહાજને મિસાઈલથી નિશાન બનાવતો વીડિયો જાહેર કર્યો હોવાના અહેવાલો સામે આવ્યા છે. ચીનની સરકારી ટીવી ચેનલ CCTVના લોગોવાળો આ વીડિયો ફરી ચર્ચામાં છે. તેમાં રણ વિસ્તારમાંથી મિસાઈલ છોડાતી અને ત્યારબાદ જહાજના આકારના મોડેલ પર જોરદાર વિસ્ફોટ થતો જોવા મળે છે. આ મિસાઈલને સોશિયલ મીડિયા પર ચીનની DF-26B 'કેરિયર કિલર' મિસાઈલ તરીકે ઓળખાવવામાં આવી રહી છે. જોકે, વીડિયોમાં મિસાઈલનું નામ કે પરીક્ષણની તારીખ સ્પષ્ટ કરવામાં આવી નથી. વધુ મહત્ત્વની વાત એ છે કે ઉપલબ્ધ વિશ્લેષણ મુજબ આ દૃશ્યો ડિસેમ્બર ૨૦૨૪માં પ્રસારિત થયેલા જૂના ફૂટેજ સાથે મળતા આવે છે. એટલે તેને નવેમ્બર ૨૦૨૬માં થયેલું નવું પરીક્ષણ ગણવું યોગ્ય નથી. ચીન અને અમેરિકા વચ્ચે ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં લશ્કરી સ્પર્ધા સતત મહત્ત્વનો મુદ્દો રહી છે. ખાસ કરીને અમેરિકાના એરક્રાફ્ટ કેરિયર જેવા વિશાળ યુદ્ધજહાજો ચીનની સૈન્ય વ્યૂહરચનામાં એક મોટો પડકાર માનવામાં આવે છે. એરક્રાફ્ટ કેરિયર માત્ર યુદ્ધજહાજ નથી, પરંતુ તેની સાથે વિમાનો, વિનાશક જહાજો, સબમરીન અને અન્ય સુરક્ષા વ્યવસ્થા ધરાવતું સમગ્ર નૌકાદળનું જૂથ કાર્યરત હોય છે. આવા જૂથને લાંબા અંતરથી નિશાન બનાવી શકાય તેવી મિસાઈલ ક્ષમતા વિકસાવવી ચીન માટે વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ છે. હાલમાં ફરી સામે આવેલા વીડિયોમાં મિસાઈલના પ્રક્ષેપણ પછી રણમાં ઊભેલા એરક્રાફ્ટ કેરિયર જેવા મોડેલ પર હુમલો થતો દેખાય છે. વિસ્ફોટ બાદ આગના મોટા ગોળા જેવી સ્થિતિ સર્જાય છે. આ દૃશ્યોને કારણે સોશિયલ મીડિયા અને સંરક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા વર્તુળોમાં ચીનની મિસાઈલ ક્ષમતા અંગે ચર્ચા તેજ બની છે.

પ્રભારી મંત્રીશ્રી રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં બોટાદ જિલ્લામાં પીએમ કિસાન ઉત્સવ દિવસ અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી અંગે પત્રકાર પરિષદ યોજાઈ



બોટાદ, બોટાદ જિલ્લામાં આગામી તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ યોજાનારા 'પીએમ કિસાન ઉત્સવ દિવસ' અને તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ આયોજિત 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી અંગે આજે બોટાદ ખાતે પ્રભારી મંત્રીશ્રી રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદ યોજાઈ હતી. આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રીએ બંને કાર્યક્રમોની રૂપરેખા, ખેડૂતો માટેની આર્થિક સહાય અને રાષ્ટ્રીય એકતાના સંદેશને જનજન સુધી પહોંચાડવા માટે કરવામાં આવેલા આયોજનની વિગતો આપી હતી.

પ્રભારી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ખેડૂતોની આવકને ટેકો આપવા અને કૃષિ ક્ષેત્રને વધુ સશક્ત બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાના ૨૪મા હપ્તાની રકમ તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બનાસકાંઠા જિલ્લાના ભિલડી ખાતે યોજાનારા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમ દરમિયાન જાહેર કરવામાં આવશે.

આ હપ્તા હેઠળ દેશના ૯.૩૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧૮,૬૮૦ કરોડથી વધુની સહાય મળશે, જ્યારે ગુજરાતના ૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૦૫૧ કરોડથી વધુની સહાય પ્રાપ્ત થશે. યોજનાના અગાઉના ૧થી ૨૩ હપ્તા દરમિયાન દેશના ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૪.૪૭ લાખ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. ગુજરાતમાં પણ ૬૯.૨૬ લાખથી વધુ લાભાર્થી ખેડૂતોને અત્યાર સુધી રૂ. ૨૪,૧૩૭ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત પાત્ર ખેડૂત પરિવારોને દર વર્ષે રૂ. ૬,૦૦૦ની સહાય ત્રણ સમાન હપ્તામાં સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આ સહાય ખેડૂતોને બિયારણ, ખાતર સહિતની ખેતીલક્ષી જરૂરિયાતો પૂરી કરવામાં ઉપયોગી બને છે. સીધી બેંક ખાતામાં સહાય જમા થવાથી પારદર્શિતા જળવાય છે અને લાભાર્થીઓ સુધી સહાય પહોંચાડવાની પ્રક્રિયા સરળ બને છે.

બોટાદ જિલ્લામાં પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના કુલ ૬૬,૦૬૩ લાભાર્થી ખેડૂતો છે. આ ખેડૂતોને અગાઉના ૨૩ હપ્તા દરમિયાન કુલ રૂ. ૩૦૩ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. હવે ૨૪મા હપ્તા હેઠળ પ્રતિ લાભાર્થી રૂ. ૨,૦૦૦ લેખે કુલ રૂ. ૧૩.૨૧ કરોડની સહાય તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સીધી લાભાર્થી ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. આ પ્રસંગે બોટાદ એ.પી.એમ.સી. યાર્ડ ખાતે જિલ્લા કક્ષાના મુખ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત જિલ્લા પંચાયતની ૨૦ બેઠકોને આવરી લેતાં ૪૦ ગામોમાં પદાધિકારીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન અંદાજે ૨૦૦ ખેડૂતોનું સન્માન કરવામાં આવશે. ખેડૂતોને વિવિધ ખેતીલક્ષી લાભોનું વિતરણ કરવાની સાથે સરકારી કલ્યાણકારી યોજનાઓ અને આધુનિક ખેતી પદ્ધતિઓ અંગે માર્ગદર્શન પણ આપવામાં આવશે.

પ્રભારી મંત્રીશ્રીએ જિલ્લાના ખેડૂત ભાઈઓ-બહેનોને કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક સહભાગી થવા અને સરકારની વિવિધ યોજનાઓની માહિતી મેળવી પાત્રતા અનુસાર તેનો મહત્તમ લાભ લેવા અપીલ કરી હતી. પ્રભારી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ભારતના લોખંડી પુરુષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે સમગ્ર બોટાદ જિલ્લામાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવશે.

સરદાર સાહેબે દેશનાં અનેક રજવાડાંઓનું એકીકરણ કરીને અખંડ ભારતના નિર્માણમાં ઐતિહાસિક યોગદાન આપ્યું હતું. તેમની રાષ્ટ્રસેવા, દૃઢ નિશ્ચય અને રાષ્ટ્રીય એકતાના આદર્શોને જનજન સુધી પહોંચાડવાના હેતુથી જિલ્લામાં વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે.

આ અંતર્ગત જિલ્લાના ૧૮૩ ગામોમાં એક-એક કાર્યક્રમ અને ત્રણ નગરપાલિકાઓમાં એક-એક કાર્યક્રમ મળી કુલ ૧૮૬ સ્થળોએ ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમોમાં અંદાજે ૧.૪૨ લાખ નાગરિકો સહભાગી બનશે, જેમાં ગ્રામ્ય કક્ષાએ અંદાજે ૧.૩૦ લાખ અને નગરપાલિકા કક્ષાએ અંદાજે ૧૨ હજાર નાગરિકોની ભાગીદારીનું આયોજન છે.

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે તા. ૩૧ ઓક્ટોબરના રોજ સવારે ૮ વાગ્યે બોટાદ જિલ્લા પોલીસ દ્વારા જૂના એ.પી.એમ.સી.થી હાઈસ્કૂલ સુધી એકતા પરેડનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરેડમાં અંદાજે ૪૦૦ પોલીસ જવાનો, જીઆરડી, હોમગાર્ડ અને ટીઆરબીના જવાનો ઉપરાંત આશરે ૩૦૦ આગેવાનો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને નાગરિકો જોડાશે.

બોટાદ એ.પી.એમ.સી. યાર્ડ ખાતે જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ખેડૂતો, મહિલા સ્વસહાય જૂથોની બહેનો, સહકારી મંડળીઓના સભાસદો, વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો સહભાગી બનશે.

કાર્યક્રમની રૂપરેખા મુજબ સાંજે ૪ વાગ્યે નાગરિકો પોતપોતાના ગામ અથવા નગરપાલિકા કક્ષાએ નિર્ધારિત સ્થળે એકત્રિત થઈ એકતા રેલીના સ્વરૂપમાં મુખ્ય કાર્યક્રમ સ્થળે પહોંચશે. સાંજે ૫ વાગ્યે વંદે માતરમ્ ગીતનું સામૂહિક ગાન, ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ અને વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ કામગીરી કરનાર નાગરિકોનું સન્માન કરવામાં આવશે. સાંજે ૫:૩૦ વાગ્યે એકતા પરેડનું નિદર્શન કરવામાં આવશે. ત્યારબાદ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું ઉદ્બોધન નિહાળવા અને સાંભળવાની વ્યવસ્થા રહેશે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત નાગરિકો માટે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને જનભાગીદારીનું પર્વ બનાવવા માટે સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં વિશિષ્ટ યોગદાન આપનાર વ્યક્તિઓને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ અંતર્ગત સમગ્ર જિલ્લામાં કુલ ૧,૦૦૦ વ્યક્તિઓને તેમની વિશિષ્ટ કામગીરી બદલ સન્માનપત્ર એનાયત કરવામાં આવશે.

'ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત- ૨૦૮૨'નું મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન કરાયું



જામનગર, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના સાહિત્ય, કલા અને સંસ્કારના વારસાને ઉજાગર કરતા ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત ૨૦૮૨નું વિમોચન કર્યું હતું. રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રતિ વર્ષ પોતાની આગવી પરંપરા અનુસાર 'ગુજરાત દીપોત્સવી અંક' પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત દીપોત્સવી – ૨૦૮૨માં ગુજરાતના મુર્ધન્ય સાહિત્યકારોની સર્જનશીલ કલમે રજૂ થયેલા સાહિત્યની સૌરભથી વાચક મિત્રોનું મન પ્રફુલ્લિત બને તેવા ચિંતનાત્મક લેખો, કાવ્યો, નવલિકાઓ, વિનોદિકાઓ, નાટિકાઓ સાથેનો સાહિત્ય રસથાળ પીરસવામાં આવ્યો છે. સવશ્રી ગુણવંતભાઈ શાહ, વિષ્ણુભાઈ પંડ્યા, ડૉ. કુમારપાળ દેસાઈ, રઘુવીરભાઈ ચૌધરી, શાહબુદ્દીન રાઠોડ, રતિલાલ બોરીસાગર, માધવ રામાનુજ, રાજેન્દ્ર શુક્લ જેવા લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકારોની સર્જનશીલ કલમે લખાયેલી સાહિત્યકૃતિઓ દીપોત્સવી અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવી છે. આ દળદાર અંક ૨૮ અભ્યાસલેખો, ૨૮ નવલિકાઓ, ૧૬ વિનોદિકાઓ, ૯ નાટિકા અને ૮૯ જેટલી કાવ્ય રચનાઓથી સંપન્ન છે. સાથેસાથે પ્રકૃતિ, લોકજીવન અને માનવીય સંવેદનાઓને અભિવ્યક્ત કરતી ૫૨ જેટલી રંગીન તસવીરો અને મનમોહક ચિત્રો આ અંકને વધુ નયનરમ્ય બનાવે છે. આ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રી વિક્રાંત પાંડે, અધિક માહિતી નિયામક શ્રી સંજય કચોટ તથા સંયુક્ત માહિતી નિયામક શ્રી જયેશ દવે સહિત માહિતી ખાતાનાં ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

૦૪ નવેમ્બર ૨૦૨૬ થી ચાલશે સાબરમતી અને વારાણસી વચ્ચે નવી દૈનિક સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તેમજ ગુજરાત, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ વચ્ચે રેલવે કનેક્ટિવિટી વધુ મજબૂત બનાવવાના હેતુથી સાબરમતી અને વારાણસી વચ્ચે નવી દૈનિક સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તે નોંધપાત્ર છે કે આ ટ્રેનની ઉદ્ઘાટન સેવાને ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લીલી ઝંડી બતાવીને રવાના કરવામાં આવી હતી.

નિયમિત ટ્રેન સેવાની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નંબર ૧૨૨૦૫/૧૨૨૦૬ સાબરમતી–વારાણસી સુપરફાસ્ટ એક્સપ્રેસ (દૈનિક)

ટ્રેન નંબર ૧૨૨૦૫ સાબરમતી–વારાણસી સુપરફાસ્ટ એક્સપ્રેસ ૦૪ નવેમ્બર, ૨૦૨૬ થી સાબરમતી થી દરરોજ સવારે ૦૫:૨૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૬:૩૦ કલાકે વારાણસી પહોંચશે.

તે જ રીતે, ટ્રેન નંબર ૧૨૨૦૬ વારાણસી–સાબરમતી સુપરફાસ્ટ એક્સપ્રેસ ૦૨ નવેમ્બર, ૨૦૨૬ થી વારાણસી થી દરરોજ ૧૭:૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૨૦:૧૫ કલાકે સાબરમતી પહોંચશે.

માર્ગમાં આ ટ્રેન: મહેસાણા, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ જંક્શન, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, બાંદીકુઈ, માંડવર મહુવા રોડ, ખેડલી, નદબઈ, ભરતપુર, ઈદગાહ આગ્રા, ટુંડલા, ગોવિંદપુરી, સુબેદારગંજ અને મિર્ઝાપુર સ્ટેશનો પર રોકાશે.

કોચની સંરચના: આ ટ્રેનમાં એસી ૨ ટાયર, એસી ૩ ટાયર, સ્લીપર તેમજ જનરલ શ્રેણીના કોચ રહેશે. ટ્રેન નંબર ૧૨૨૦૫ માટેનું બુકિંગ તારીખ ૦૨.૧૧.૨૦૨૬ થી તમામ પીઆરએસ કાઉન્ટરો તેમજ આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સ્ટોપેજ, સમયપત્રક અને કોચની સંરચના સંબંધિત વધુ વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

રૂ.૨૬ કરોડના ખર્ચે નવનિર્મિત અદ્યતન 'ગર્લ્સ હોસ્ટેલ'નું ઈ-લોકાર્પણ કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



જામનગર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત સરકાર અંતર્ગત કાર્યરત સરકારી ડેન્ટલ કોલેજ, જામનગર ખાતે વિદ્યાર્થિનીઓ માટે અંદાજે રૂ. ૨૬ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ અદ્યતન નવનિર્મિત ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડીંગનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા તબીબી શિક્ષણ વિભાગના મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા તેમજ આરોગ્ય વિભાગના ગાંધીનગર ખાતેના ઉચ્ચ અધિકારીશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. વર્ષ ૧૯૯૧માં સ્થપાયેલી સરકારી ડેન્ટલ કોલેજ ખાતે હાલ સ્નાતકના ૧૨૫ તેમજ અનુસ્નાતકના વિદ્યાર્થીઓના અભ્યાસ અને એડમિશનને ધ્યાને રાખીને, જામનગર જિલ્લાના વરિષ્ઠ નેતાશ્રીઓના સઘન પ્રયાસોથી રાજ્ય સરકાર દ્વારા ગર્લ્સ હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Home Finance | રજી.ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા -કુર્લા કોમ્પલેક્ષ, બાન્દ્રા (ઈસ્ટ), મુંબઈ -૪૦૦૦૫૧

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, જેબી નગર, અંધેરી કુર્લા રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૯
શાખા ઓફિસ : પહેલો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંકની ઉપર, મેહસાણા હાઈવે, મેહસાણા-૩૮૪૦૦૨
કે જ્યાં
આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ, ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે રૂલ-૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.
દેવાદારો ધ્યાન આપે કે કાયદાના સેક્શન ૧૩ના સબ-સેક્શન (૮) હેઠળ ગીરો મિલકતોને મુક્ત કરાવવા માટે સમય ઉપલબ્ધ છે અને તે માટે બેંક દેવાદારોને આમંત્રિત કરે છે.

ક્રમ નં.	દેવાદારોનું /સહ દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર	મિલકતોની વિગતો / સાંકેતિક કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ (રૂા)	શાખાનું નામ
1.	સુરેશકુમાર બી.ત્રિવેદી(દેવાદાર), દક્ષાબેન સુરેશકુમાર ત્રિવેદી(સહ-દેવાદાર) વિવેકાનંદ સોસાયટી, ૮ પીઓ ધાનેરા ખાતે, તા.ધાનેરા, ધાનેરા, ધાનેરા, ધાનેરા-૩૮૫૩૧૦, **LHMEH00001411372**	મિલકત પ્લોટ નં.૭૯ પૈકી પશ્ચિમ તરફના તમામ ભાગો અને પાર્સલો, મધુસુદન રેસિડેન્સી, એસ્સાર પેટ્રોલ પંપ પાસે, આરએસ નં.૧૪૮, ૧૫૦/૧/૨, ધાનેરા, ડીસા-૩૮૫૫૩૫. સિમાબદ્ધ : ઉત્તર : ૯ મીટર પહોળો રોડ, દક્ષિણ : પ્લોટ નં.૮૦, પૂર્વ : પ્લોટ નં.૭૯ પૂર્વ તરફ, પશ્ચિમ : ૭.૫ મીટર પહોળો રોડ / કબ્જા નોટિસ- ૨૯-ઓક્ટોબર-૨૦૨૬	14-07-2026 Rs. 39,894.98/-	મેહસાણા
2.	સુરેશકુમાર બી.ત્રિવેદી(દેવાદાર), દક્ષાબેન સુરેશકુમાર ત્રિવેદી(સહ-દેવાદાર) વિવેકાનંદ સોસાયટી, ૮ પીઓ ધાનેરા ખાતે, તા.ધાનેરા, ધાનેરા, ધાનેરા, ધાનેરા-૩૮૫૩૧૦, **NHDEE00000911992**	મિલકત પ્લોટ નં.૭૯ પૈકી પશ્ચિમ તરફના તમામ ભાગો અને પાર્સલો, મધુસુદન રેસિડેન્સી, એસ્સાર પેટ્રોલ પંપ પાસે, આરએસ નં.૧૪૮, ૧૫૦/૧/૨, ધાનેરા, ડીસા-૩૮૫૫૩૫. સિમાબદ્ધ : ઉત્તર : ૯ મીટર પહોળો રોડ, દક્ષિણ : પ્લોટ નં.૮૦, પૂર્વ : પ્લોટ નં.૭૯ પૂર્વ તરફ, પશ્ચિમ : ૭.૫ મીટર પહોળો રોડ / કબ્જા નોટિસ- ૨૯-ઓક્ટોબર-૨૦૨૬	14-07-2026 Rs. 10,40,329.32/-	મેહસાણા

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.
તારીખ : નવેમ્બર ૦૩, ૨૦૨૬, સ્થળ : ધાનેરા — અધિકૃત અધિકારી,આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ

ICICI Home Finance | **કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.
શાખા ઓફિસ : ૪૦૨ થી ૪૦૪, ચોથો માળ, ૩૨૩ કોર્પોરેટ પાર્ક, ગીરીશ કોલ્ડ ડ્રીલ્કસ ક્રોસ રોડની પાસે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯.
શાખા ઓફિસ : દુકાન નં. ૨૧, ૨૨, ૨૩, ક્રિષ્ના પ્લાઝા, પહેલો માળ, ડ્રીસ્ટ્રીકટ કોર્ટની સામે, પાટણ, ગુજરાત - ૩૮૪૨૬૫.
ઓફિસ : શોરૂમ નં. ૨, પહેલો માળ, ઓફિસ નં. બી-૧૨૦, શાંતીનીકેતન બિઝનેશ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦.
શાખા ઓફિસ : પહેલો માળ, શક્તિ બિઝનેશ સેન્ટર, યુનિયન બેંકની ઉપર, મહેસાણા હાઈવે, મહેસાણા - ૩૮૪૦૦૨.

(નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતોના વેચાણ માટેની નોટીસ

સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ, જે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વાંચવામાં આવે છે.
આથી જાહેર જનતાને અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત જે સિકયોર્ડ ક્રેડીટરને ગીરવે મુકવામાં આવી છે / ચાર્જ કરવામાં આવી છે, જેનો કબજો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે તે "જેમ છે જયાં છે" "જેમ છે જે છે" અને "જે કંઈ છે તે" ના ધોરણે વેચાણ કરવામાં આવશે, જે નીચે આપેલ સંક્ષિપ્ત વિગતો અનુસાર.

ક્રમ નં.	ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/કાયદેસરના વારસદાર નુંનામ લોન એકાઉન્ટ નંબર	જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો	બાકી વ્હેાની રકમ	અનામત કિંમત / અર્નેસ્ટ મની ડીપોઝીટ	નિરીક્ષણની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય	હરાજીની તારીખના એક દિવસ પહેલા	સરફેસી સ્ટેજ
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)	(H)	(I)
1.	પટેલ વિષ્ણુભાઈ રમણભાઈ (ઉધારકર્તા), પટેલ રીટાબેન વિષ્ણુભાઈ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHANB00001601005	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો મિલકત નં. ૬૬૨, મોજે - ઝાનુ, તાલુકો - દસ્ક્રોઈ, જીલ્લો અને સબ જીલ્લો - અમદાવાદ.	Rs. 19,26, 152/- October 23, 2026	Rs. 23,10, 120/- Rs. 2,31, 012/-	November 27, 2026 11:00 AM To 03:00 PM	December 04, 2026 02:00 PM To 03:00 PM	December 03, 2026 Before 05:00 PM	સાંકેતિક કબજો
2.	હિતેશ પ્રકાશભાઈ મોકાટ (ઉધારકર્તા), લતાબેન પ્રકાશભાઈ મોકાટ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHAGH00001685637	તમામ ભાગ અને હિસ્સા સાથેની રહેણાંક મિલકતની ઓફિસ નં. ૨૦૧, ૨૦૨, ૨૦૩ અને ૨૦૪,બીજો માળ, સન બિઝનેશ હબ થી જાણીતી સ્કીમ, જે સ્થિત બ્લોક / સર્વે નં. ૪૭, ફાઈનલ પ્લોટ નં. ૪૭, ફાઈનલ પ્લોટ નં. ૨૩૪ પૈકી, સબ પ્લોટ નં. ૨, ટી.પી. સ્કીમ નં. ૧, મોજે - ઓઢવ, તાલુકો - વટવા, જીલ્લો - અમદાવાદ.	Rs. 2,11,68, 905/- October 28, 2026	Rs. 2,38,11, 372/- Rs. 23,81, 137/-	November 27, 2026 11:00 AM To 03:00 PM	December 04, 2026 02:00 PM To 03:00 PM	December 03, 2026 Before 05:00 PM	સાંકેતિક કબજો
3.	બહેલીમ મહમદ હુસેન એસ (ઉધારકર્તા), અંકિત હાકા (સહ-ઉધારકર્તા), ખેરુબીબી મહમદ હુસેન બહેલીમ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHMEH00001335882/ LHMEH00001336201	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો પ્લોટ નં. ૨૨, જે સ્થિત નજરનગર રેસીડેન્સી, ખેરાલુ રોડ, આર.એસ. નં. ૨૫૧૯ પૈકી ૨, જુનો આર. એસ. નં. ૧૬૫૭પૈકી, ખેરાલુ.	Rs. 16,74, 624/- October 29, 2026	Rs. 17,10, 234/- Rs. 1,71, 023/-	November 12, 2026 11:00 AM To 03:00 PM	November 19, 2026 02:00 PM To 03:00 PM	November 18, 2026 Before 05:00 PM	સાંકેતિક કબજો
4.	દેસાઈ કુલદીપકુમાર લગધીરભાઈ (ઉધારકર્તા), રબારી જીતાબેન (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHPAA00001562538/ LHPAA00001562563	મિલકત નં. ૨૧૬, ફ્રી હોલ્ડ જુની મિલકત નં. ૨૧૨, ૨૧૩, ગામ - ગણેશપુરા, તાલુકો - સરસ્વતી, પાટણ.	Rs. 10,33, 608/- October 29, 2026	Rs. 15,96, 024/- Rs. 1,59, 602/-	November 12, 2026 11:00 AM To 03:00 PM	November 19, 2026 02:00 PM To 03:00 PM	November 18, 2026 Before 05:00 PM	સાંકેતિક કબજો

ઓનલાઈન હરાજી અમારી હરાજી એજન્સી વેલ્યુ ટ્રસ્ટ કેપીટલ સર્વિસીસ પ્રાઈવેટ લિમીટેડની વેબસાઈટ : **(URL Link - https://BidDeal.in)** પર હાથ ધરવામાં આવશે. મોર્ગેજરોને / નોટીસને તા. ડિસેમ્બર ૦૩, ૨૦૨૬ / નવેમ્